**(1) રાષ્ટ્રીય તપાસ એજન્સીના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) તે એક બંધારણીય સંસ્થા છે.

(2) આ એજન્સી એ પરમાણુ ઊર્જા અધિનિયમ, 1962 અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, 1967 જેવા કાયદા હેઠળના ગુનાઓની તપાસ કરી શકે છે.

(3) આ એજન્સીનું મુખ્ય કાર્ય આતંકવાદી વિરોધી ગુનાઓની તપાસ કરવાનું છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ રાષ્ટ્રીય તપાસ એજન્સીની સ્થાપના એ રાષ્ટ્રીય તપાસ એજન્સી અધિનિયમ, 2008 અંતર્ગત કરવામાં આવી છે. તે એક વૈધાનિક સંસ્થા છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તાજેતરમાં ગૃહ મંત્રાલયે ઈમ્ફાલ, ચેન્નઈ અને રાંચીમાં એજન્સીની 3 વધારાની શાખાઓની સ્થાપના માટેની મંજૂરી આપી છે.

⇛ એજન્સી એ સંયુકત રાષ્ટ્ર અને તેની એજન્સીઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સંધિઓ, કરારો, ઠરાવો અને સંમેલનોનો અમલ કરે છે.

⇛ આતંકવાદ વિરોધી ગુનાઓની તપાસ કરવા માટેની તે મુખ્ય એજન્સી છે.

⇛ હાલમાં તેની કુલ 9 શાખાઓ છે જેનું મુખ્યાલય દિલ્હી ખાતે છે.

⇛ તેના અધિનિયમ અંતર્ગત સૂચિત કરવામાં આવેલા ગુનાઓની તપાસ એજન્સી કરી શકે છે. તેના અંતર્ગત પરમાણુ ઊર્જા અધિનિયમ, 1962 અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ, 1967 જેવા કાયદા હેઠળના ગુનાઓની તપાસ પણ એજન્સી કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ESG ફંડના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) આ એક પ્રકારનું મ્યુચ્યુઅલ ફંડ છે જે ટકાઉ વિકાસ અને સામાજિક જવાબદાર રોકાણને જોડે છે.

(2) ભારતમાં પ્રથમ ESG ફંડ એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

(3) આ ફંડનું નિયમન એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ ESG ફંડ એ ત્રણ શબ્દોનું બનેલું છે, જેના અંતર્ગત E = પર્યાવરણ, S = સામાજિક અને G = શાસન અર્થાત્ Environent, Social અને Governance.

⇛ તે એક પ્રકારનું મ્યુચ્યુઅલ ફંડ છે જે કાયમી ટકાઉ રોકાણ અથવા સામાજિક જવાબદારી રોકાણ સાથે કરવામાં આવે છે.

⇛ ESG ફંડ અંતર્ગતની કંપનીઓ "પર્યાવરણ, સામાજિક જવાબદારી અને કોર્પોરેટ ગર્વનન્સના માપદંડો પર વધારે ધ્યાન આપતી હોય છે.

⇛ આ ફંડનું નિયમન એ SEBI દ્વારા કરવામાં આવે છે.(આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારતમાં સૌપ્રથમ પ્રકારનું આવુ ફંડ એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. તાજેતરમાં ICICI દ્વારા આ પ્રકારનું ફંડ શરૂ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**(3) સ્માર્ટ સિટી ઈન્ડેક્સ, 2020ના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ ઈન્ડેક્સ અંતર્ગત કુલ 109 શહેરોનો સર્વે કરવામાં આવ્યો હતો.

(2) ઈન્ડેક્સ અંતર્ગત ભારતમાં હૈદરાબાદ ટોચના ક્રમે છે.

(3) ઝ્યુરિક એ આ ઈન્ડેક્સ અંતર્ગત ટોચના સ્થાને રહયું હતું.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સિંગાપોર યુનિવર્સિટી ફોર ટેક્નોલોજી અને ડિઝાઈનના સહયોગથી ઈન્સ્ટિટયૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD) દ્વારા સ્માર્ટ સિટી ઈન્ડેક્સ, 2020 પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

⇛ આ ઈન્ડેક્સ અંતર્ગત કુલ 109 શહેરોનો સર્વે કરવામાં આવ્યો હતો.

⇛ આ ઈન્ડેક્સ આર્થિક અને તકનિકી ડેટા અને નાગરિકોને તેમના શહેરો કેટલા સ્માર્ટ છે તેની સમજના આધારે શહેરોને સ્થાન આપે છે.

⇛ ઈન્ડેક્સ અંતર્ગત સિંગાપોર ટોચના ક્રમે રહયું હતું. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારતમાં હૈદરાબાદ ટોચ પર રહયુ હતું. ઈન્ડેક્સ અંતર્ગત તેનું સ્થાન 85મું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) બ્રાહમોસ મિસાઈલના સંદર્ભે નીચેનામાંથી સાચાં વિધાનો સાચા છે ?**

(1) તાજેતરમાં સ્વદેશી ફ્રેમવર્ક અને એરફ્રેમ સેક્શનવાળી બ્રાહમોસ મિસાઈલનું ઓડિશાના બાલાસોરથી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(2) આ મિસાઈલની રેન્જ 700 કિમી છે.

(3) બ્રાહમોસ એ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સ્વદેશી બુસ્ટર અને એરફ્રેમ સેકશન સપાટીથી સપાટીની સુપરસોનિક ક્રુઝ મિસાઈલ બ્રાહમોસનું ઓડિસાના બાલાસોર ખાતેથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

⇛ બ્રાહમોસ એ DRDO (ભારત) અને રશિયાના સંયુક્ત સાહસથી વિકસાવવામાં આવેલ છે.

⇛ આ મિસાઈલની રેન્જ એ 300 કિમી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારત દ્વારા MTCR (Missile Technology Control Regime) અંતર્ગત દાખલ થયા બાદ આ મિસાઈલની રેન્જ વધારીને 450-600 કિમી કરવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) એસ્ટ્રોસેટના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચા છે ?

(1) એસ્ટ્રોસેટ એ એક મલ્ટી–વેવલેંથ ઉપગ્રહ છે.

(2) અંતરિક્ષ આધારિત વેધશાળા ધરાવતો ભારત 5મો દેશ છે.

(3) એસ્ટ્રોસેટ દ્વારા એક્સ–રે, યૂવી અને ઓપ્ટિકલ સ્પેક્ટ્રલ બેંડ સાથે 5 યૂવી ટેલિસ્કોપ અને એક્સ–રે ટેલિસ્કોપ સાથે આકાશીય સ્ત્રોતોનું અધ્યયન કર્યું હતું.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં એસ્ટ્રોસેટ ઉપગ્રહને 5 વર્ષ પૂર્ણ થયા હતા. તેને વર્ષ 2015માં ઈસરો દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.

⇛ એસ્ટ્રોસેટ એ એક મલ્ટી–વેવલેંથ ઉપગ્રહ છે.

⇛ એસ્ટ્રોસેટ દ્વારા તારાઓ, તારામંડળોની જાણકારી મેળવી હતી અને આકાશગંગાઓનું માનચિત્રણ કર્યું હતું.

⇛ એસ્ટ્રોસેટની સફળતા સાથે ભારત અંતરિક્ષ આધારિત વેધશાળાઓ ધરાવતા દેશના વિશેષ કલબમાં શામેલ થયું હતું. આવી વેધશાળા ધરાવતા અન્ય દેશો અમેરિકા, યુરોપિયન અંતરિક્ષ એજન્સી, રશિયા અને જાપાન છે.

⇛ એસ્ટ્રોસેટ પ્રથમ સમર્પિત સ્પેક્ટ્રલ બેંડ સાથે પોતાના 5 યૂવી ટેલિસ્કોપ અને એક્સ–રે ટેલિસ્કોપ સાથે આકાશીય સ્ત્રોતોનું અધ્યયન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT